For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સુરત મનપાની ચૂંટણી માટે સોશિયલ મીડિયાના ફોલોઅર્સને પણ ભાજપ ધ્યાને લેશે

# BJPના 12 વોર્ડમાં 800 દાવેદાર પણ અનેકને વોર્ડની માહિતી ખબર નહોતી!

**સેન્સ** પ્રક્રિયાના પ્રથમ દિવસે સવારથી જ દાવેદારો કાર્યાલય પર ઊમટી પડ્યા

**વોર્ડ** નં.10માં સૌથી વધુ 152 દાવેદાર, જ્યારે વોર્ડ નં.4 કાપોદ્રામાં માત્ર 34એ જ ટિકિટ માંગી

**જે** 12 વોર્ડમાં દાવેદારોને સાંભળવામાં આવ્યા તેમાં 7 વોર્ડમાં પાટીદારોનું પ્રભુત્વ છે



સુરત : સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની જાહેરાતની સાથે સાથે ભાજપ માટે શરૂ કરાયેલી દાવેદારોને સાંભળવાની સેન્સ પ્રક્રિયાને પગલે આજે પ્રથમ દિવસે ઈચ્છુકોનો રાફડો ફાટ્યો હતો. પ્રથમ દિવસે ભાજપ કાર્યાલય ખાતે 12 નિરીક્ષકોના ચાર જુથ સમક્ષ 12 વોર્ડના આશરે 800 જેટલા દાવેદારોએ પોતાના બાયોડેટા રજૂ કરી ટિકિટ માટે દાવેદારી નોંધાવી હતી. આજની સેન્સ પ્રક્રિયામાં જે 12 વોર્ડ લેવામાં આવ્યા છે, તેમાંથી 7 જેટલા વોર્ડ પાટીદાર મતદારોના વર્ચસ્વવાળા છે. સેન્સની પ્રક્રિયા ત્રણ દિવસ સુધી ચાલશે. આ વખતે ભાજપે જે તે દાવેદારોના સોશિયલ મીડિયા પર કેટલા ફોલોઅર્સ છે

...અનુસંધાન પાના 5 પર

## સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં દાવેદારો ઓછા, રાંદેર-અડાજણમાં સંખ્યા વધુ

વર્ષ 2015 અને વર્ષ 2021ની મનપા ચૂંટણીમાં પાટીદાર બહુલ વિસ્તારો ખાસ કરીને વરાછા, મોટા વરાછાના વિવિધ વોર્ડમાં ભાજપને મળેલા પરાજયના પગલે આ વખતે દાવેદારોમાં નિ:રસતા જોવા મળી રહી છે. વોર્ડ નં. 1થી 5માં દાવેદારોની સંખ્યા ઓછી નોંધાઈ છે. કાપોદ્રા (વોર્ડ 4)માં માત્ર 34 દાવેદારો, જ્યારે અન્ય વોર્ડમાં પણ 40થી 50 વચ્ચે જ દાવેદારો રહ્યા હોવાનું સામે આવ્યું છે. જો કે ભાજપનો ગઢ મનાતા રાંદેર અને અડાજણ વિસ્તારમાં દાવેદારોની સંખ્યા સૌથી વધુ જોવા મળી છે. વોર્ડ નં. 9માં 74, વોર્ડ નં. 10માં 142 અને વોર્ડ નં. 11માં 96 દાવેદારોએ ટિકિટ માટે દાવેદારી નોંધાવી છે. ખાસ કરીને વોર્ડ નં. 10માં સૌથી વધુ દાવેદારો નોંધાતા રાજકીય ગરમાવો વધ્યો છે.

## આપમાંથી ભાજપમાં આવેલા કોર્પોરેટરોની પણ દાવેદારીથી કાર્યકરોમાં ગણગણાટ

આજે નિરીક્ષકો સમક્ષ જ્યાંથી આપનો ઉદય થયો તે વોર્ડ નંબર 2, 3,4,5 માટે દાવેદારોએ રજુઆતો કરી હતી. તેમાં વર્ષ 2021માં આમ આદમી પાર્ટીમાંથી ચુંટાઇ આવેલા કોર્પોરેટરો કે જેણે પક્ષપલટો કરી ભાજપની કંઠી બાંધી છે તેવા નગરસેવકોએ પણ ભાજપમાંથી ચુંટણી લડવા દાવેદારી કરી છે. તેથી આ વોર્ડમાં વર્ષોથી ભાજપ માટે મહેનત કરી રહેલા નેતાઓ અને કાર્યકરોમાં ગણગણાટ જોવા મળ્યો હતો. જો આ પક્ષપલટુઓને પાર્ટી ટિકિટ આપે તો ભાજપના કાર્યકરોની મહેનત પર પાણી ફરી જતું હોય આ વોર્ડમાં કોને ટિકિટ મળે છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

## પરિવારવાદ અને ઉંમરની મર્યાદા મુદ્દે કોઇ સ્પષ્ટતા નહીં હોવાથી જૂના જોગીઓની પણ દાવેદારી

વર્ષ 2021ની મનપાની ચુંટણીમાં ભાજપે સ્પષ્ટ ગાઇડ લાઇન જાહેર કરી હતી કે 60 વર્ષથી ઉપરના તેમજ 3 વખત ચૂંટણી લડી ચૂકેલા નેતાઓને મનપાની ટિકિટ નહી મળે. તેથી મોટા ભાગના સિનીયર નેતાઓના પત્તા કપાઇ ગયા હતા. જો કે આ વખતે હજુ સુધી આવી કોઇ સ્પષ્ટ ગાઇડલાઇન નહી આવી હોવાથી ભાજપના જુના જોગીઓ, પુર્વ કોર્પોરેટરોએ પણ નિરીક્ષકો સમક્ષ પોતાની દાવેદારી રજુ કરી હતી. જેથી આ વખતે ઉમેદવાર પસંદગીમાં ભાજપના મોવડી મંડળને લોઢાના ચણા ચાવવા પડે તેવી સ્થિતિ સર્જાશે તેમ મનાઈ રહ્યું છે.

### કયા વોર્ડમાં કેટલાની દાવેદારી

| વોર્ડ નંબર | દાવેદારોની સંખ્યા | વોર્ડ નંબર | દાવેદારોની સંખ્યા |
|---|---|---|---|
| 1 | 48 | 7 | 61 |
| 2 | 50 | 8 | 65 |
| 3 | 54 | 9 | 74 |
| 4 | 34 | 10 | 142 |
| 5 | 41 | 11 | 96 |
| 6 | 59 | 12 | 76 |
| | | કુલ | 800 |

## 50% મહિલા અનામત, 'ડાઉન ટુ અર્થ' મહિલા ઉમેદવારોની શોધ: મહિલા નિરીક્ષક

મનપામાં 50% મહિલા અનામત અમલી હોવાથી મહિલા દાવેદારોમાં ભારે ઉત્સાહ છે. મહિલા નિરીક્ષકોએ જણાવ્યું હતું કે, 'અમે એવી બહેનોને પ્રાધાન્ય આપીશું જે ગ્રાસરૂટ લેવલની

...અનુસંધાન પાના 5 પર

## દાવેદારી માટેના બે પાનાના ફોર્મમાં ઝીણવટભરી વિગતો સાથે ફેસબુક-ઇન્સ્ટાના ફોલોઅર્સના આંકડા પણ લખવા જરૂરી

ભાજપે આ વખતે ડિજિટલ યુગમાં કાર્યકર્તાની લોકપ્રિયતા ચકાસવા માટે સોશિયલ મીડિયાની વિગતો પર ખાસ ફોકસ કર્યું છે. ફોર્મના બીજા પાના પર ઉમેદવારે પોતાના ફેસબુક, ટ્વિટર અને ઇન્સ્ટાગ્રામ આઈડીની માહિતી આપવાની રહેશે. એટલું જ નહીં, દરેક પ્લેટફોર્મ પર તેમના કેટલા ફોલોઅર્સ છે તેનો ચોક્કસ આંકડો પણ માંગવામાં આવ્યો છે. આ ઉપરાંત, ઉમેદવાર મોબાઈલ પર કયો વોટ્સએપ નંબર વાપરે છે અને રોજિંદા ઉપયોગમાં કયું ઈમેલ આઈડી છે તેની વિગતો પણ ફરજિયાત કરવામાં આવી છે, જેથી પક્ષ ડિજિટલ પ્રચારની ક્ષમતા માપી

...અનુસંધાન પાના 5 પર

છેતરાયાનું જાણી વાચકો મલકાઈ ઊઠ્યા...

# ભલે, એપ્રિલ ફુલ બન્યા પણ વોટર મેટ્રો સાચ્ચે સાકાર થાય તો સાર્થક: વાચકોનો મત

**'ગુજરાતમિત્ર'નો** અહેવાલ ગમ્મત માત્ર હોવાનું જાણી અનેક લોકો નિરાશ

**વહેલી** તકે વોટર મેટ્રો હકીકત બને તે માટે તંત્રને સુરતીઓનો અનુરોધ

સુરતઃ સુરતમાં આગામી 15 જ દિવસમાં વોટર મેટ્રો શરૂ થવાની અને આજે તા.1લી એપ્રિલના રોજ તેની સત્તાવાર જાહેરાત થવાના 'ગુજરાતમિત્ર'માં છપાયેલા અહેવાલે સુરતવાસીઓમાં ભારે ઉત્કંઠા ઉભી કરી હતી. લોકો છેતરાયાનું જાણવા છતાં મલકાઈ ઉઠ્યા હતા. સુરતમાં હાલમાં વોટર મેટ્રો માટે કામ જરૂરથી ચાલી રહ્યું છે પરંતુ તા.1લી એપ્રિલના રોજની તેની જાહેરાતના સમાચાર એ 'એપ્રિલફુલ' હતા. છતાં પણ અનેક લોકોએ આજે આ અંગે પૃચ્છા કરી હતી. ત્યાં સુધી કે અન્ય મીડિયા દ્વારા પણ આ 'એપ્રિલફુલ' જાહેરાત મુદ્દે મહાપાલિકામાં તપાસ કરવામાં આવી હતી.

સુરતમાં જે રીતે વસતી વધી રહી છે તેણે સામુહિક પરિવહનની અનેક માંગ ઉભી કરી છે. મેટ્રો શરૂ થાય તે માટે હજુ પણ છ મહિના રાહ જોવી પડે તેમ છે. ટ્રાફિકજામથી સુરતીઓ થાકી ગયા છે. આ સંજોગોમાં જો વોટર મેટ્રો શરૂ થાય તો તે સુરત માટે આશીર્વાદરૂપ પુરવાર થાય તેમ છે. આ કારણે જ ઓવારા પર વોટર મેટ્રોના સ્ટેશન અને મેન્યુઅલ ટિકિટિંગની વાતને અને ભવિષ્યમાં રૂંઢના નવા બનનારા બેરેજ સુધી લંબાવવાની વાતને પણ લોકોએ શરૂઆતમાં સાચી જ માની લીધી હતી. ત્યાં સુધી કે અનેક લોકોએ

...અનુસંધાન પાના 5 પર

# સુરતીઓ આનંદો, સુરત એરપોર્ટ પર ડ્યૂટી ફ્રી શોપને મંજૂરી મળી

**એરપોર્ટ** ઓથોરિટીએ RFP મંગાવી મંજૂરી આપી, બ્રાન્ડેડ લિકર અને બિયરના શોખીનોમાં આનંદ

સુરતઃ ૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ ડ્યુટી ફ્રી આઉટલેટ (શોપ્સ) શરૂ કરવા રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ મંગાવવા મંજૂરી આપવામાં આવી છે. સુરત એરપોર્ટના નવા ઇન્ટિગ્રેટેડ ટર્મિનલના ઉદઘાટનનાં બે વર્ષ પછી AAIએ સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ડ્યુટી-ફ્રી આઉટલેટ (શોપ)ને મંજૂરી આપવામાં આવી છે.

સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી મુસાફરી કરતા મોજમસ્તી પ્રેમી સુરતીઓ, ખાસ કરીને બ્રાન્ડેડ દારૂ અને બિયરના શોખીન લોકો માટે સારા સમાચાર છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)

...અનુસંધાન પાના 5 પર

## RFP દસ્તાવેજ મુજબ ડ્યુટી-ફ્રી આઉટલેટ્સ વિવિધ ઉત્પાદનો ઓફર કરશે

- દારૂ / આલ્કોહોલિક પીણાં
- તમાકુ ઉત્પાદનો
- કોસ્મેટિક્સ અને વ્યક્તિગત સંભાળ
- ચોકલેટ અને પેકેજ્ડ નાસ્તા
- ઘડિયાળો અને ઝવેરાત
- ઇલેક્ટ્રોનિક સામાન



કસ્ટમ્સ દ્વારા મંજૂર કરાયેલ મેડ ઇન ઇન્ડિયા ઉત્પાદનો સૂચવે છે કે સુરત એરપોર્ટ આખરે આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે છૂટક વેચાણમાં વૈશ્વિક ધોરણો પૂર્ણ કરશે.

## ડ્યુટી ફ્રી શોપ ખુલશે પરંતુ ડ્યુટી ફ્રી દારૂ ખરીદવાની અને કાયદેસર ગુજરાતમાં લાવવા મુદ્દે અવઢવ

જો કે, આ પગલાથી એક મહત્ત્વપૂર્ણ કાનૂની અને નીતિગત ચર્ચા શરૂ થઈ છે કે દુબઈ કે બેંગકોક જેવાં સ્થળોથી આવતા મુસાફરોને આગમન સમયે ડ્યુટી ફ્રી દારૂ ખરીદવાની અને કાયદેસર રીતે ગુજરાતમાં લઈ જવાની મંજૂરી કેવી રીતે આપવામાં આવશે? શું ખાસ છૂટછાટો અથવા સીલબંધ પરિવહન નિયમો લાગુ થશે? રાજ્ય સત્તાવાળાઓ દ્વારા કઈ અમલીકરણ પદ્ધતિનું પાલન કરવામાં આવશે? અમદાવાદ એરપોર્ટ પર સમાન કામગીરી હોવા છતાં, હજુ સુધી સ્પષ્ટતા કેમ આપવામાં આવી નથી? આ સ્પષ્ટતાં નહીં હોવાથી દારૂ ખરીદ્યા બાદ પણ સુરતવાસીઓ કે અન્યો માટે અસમંજસનો માહોલ રહેશે.

# સચિન GIDCની ફેક્ટરીમાં આગ, નાયલોન જથ્થાએ ભીષણ બનાવી

**ગોપી** નીટિંગમા ટેક્સટાઈલ કાપડ બનતું હોવાથી મટિરિયલનો વિશાળ જથ્થો સ્ટોર કરાયો હતો

**આગને** કાબૂ કરવામાં અનેક કલાકો લાગી ગયા, આગનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી



સુરતઃ સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝની ગોપી નીટિંગ ટેક્સટાઈલ ફેક્ટરીમાં મંગળવારે સવારે લાગેલી આગને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટે-ગોટા દૂર સુધી દેખાતા હતા, જેને કારણે આસપાસના વિસ્તારોમાં પણ ભય અને ગભરાટ ફેલાયો હતો. બનાવની જાણ થતા સચિન જીઆઈડીસી, હોજીવાલા એસ્ટેટ, પલસાણા અને કડોદરા સહિત સુરત શહેરના ત્રણ ફાયર સ્ટેશનોને રવાના કરવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ મોડી સાંજે આગને કાબૂમાં મેળવી લીધી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, સચિન જીઆઈડીસી સ્થિત હોજીવાલા

...અનુસંધાન પાના 5 પર

## ફાયર બ્રિગેડે સમયસર કાર્યવાહી કરી, બાજુની ફેક્ટરીને આગથી બચાવી

ફાયર સબ ઓફિસર વિજય સોલંકીએ જણાવ્યું કે જો ફાયર બ્રિગેડ દ્વારા જો ધીમી કામગીરી કરાઈ હોત તો ગોપી નીટિંગ ટેક્સટાઇલની જ્વાળાઓ બાજુના કમ્પાઉન્ડમાં આવેલી અન્ય ફેક્ટરી સુધી પ્રસરી શકતી હતી. આગની દિશા અને તીવ્રતા જોતા ટીમે તાત્કાલિક વધારાના વોટર જેટ્સ ઉપયોગમાં લીધા અને ફોમ દ્વારા સુરક્ષા લાઇન તૈયાર કરી આગને સીમિત વિસ્તારમાં રોકી દીધી. સતત ચાલેલી

...અનુસંધાન પાના 5 પર

## ઔદ્યોગિક વસાહતોમાં ગેરકાયદે ડોમ-બાંધકામો જીવતા બોંબ સમાન

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા કેટલાંક સમયથી ઔદ્યોગિક વસાહતોમાં આડેધડ થઇ રહેલા બાંધકામો અને ગેરકાયદે ખડકી દેવાતા ટેમ્પરરી સ્ટ્રક્ચરને કારણે અકસ્માતોની વણઝાર લાગી ગઇ છે. સુરત શહેરમાં વિતેલા કેટલાંક સમયથી પાંડેસરા જીઆઇડીસી, સચિન જીઆઇડીસી સહિત નોટફાઇડ એરિયા અને ખાનગી

...અનુસંધાન પાના 5 પર

# 24 કલાકમાં સુરત સહિત દ.ગુ.માં માવઠાની શક્યતા

**હવામાન** વિભાગની આગાહી, સુરતમાં તાપમાન 34.7 ડિગ્રી

સુરતઃ સુરત શહેરમાં હવામાનમાં થોડો ફેરફાર નોંધાયો છે. આજે શહેરનું મહત્તમ તાપમાન એક ડિગ્રી ઘટીને ૩૪.૭ ડિગ્રી સુધી પહોંચ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ એક ડિગ્રી ઘટીને ૨૪ ડિગ્રી નોંધાયું હતું. તાપમાનમાં આ ઘટાડાને કારણે શહેરજનોને થોડોક રાહતનો અહેસાસ થયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાં ભેજનું પ્રમાણ ૪૪ ટકા નોંધાયું હતું, જેના કારણે ઉકળાટમાં ખાસ વધારો થયો નહોતો. આ સાથે જ ૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ દિશાનો પવન ફુંકાતો રહ્યો

...અનુસંધાન પાના 5 પર


ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.
સ્થાપના : ૧૯૨૨
મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક

તા. ૩૧-૦૩-૨૦૨૬ ના રોજ પુરા થતાં વર્ષના પ્રોવિઝનલ અનઓડીટેડ નાણાંકીય પ્રગતિદર્શક પરિણામો ( ₹ કરોડમાં )

| | ૩૧-૩-૨૦૨૫ | ૩૧-૩-૨૦૨૬ | વૃદ્ધિ (%) |
|---|---|---|---|
| રીઝર્વ | ૮૦૫.૬૭ | ૯૫૬.૦૩ | ૧૮.૬૬ |
| થાપણ | ૬૮૯૮.૪૦ | ૭૬૮૬.૫૪ | ૧૧.૪૩ |
| ધિરાણ | ૫૦૪૫.૪૦ | ૫૬૪૮.૯૯ | ૧૧.૯૬ |
| કુલ બિઝનેસ | ૧૧૯૪૩.૮૦ | ૧૩૩૩૫.૫૩ | ૧૧.૬૫ |
| રોકાણો | ૨૩૩૭.૬૭ | ૨૬૪૩.૧૫ | ૧૩.૦૬ |
| ગ્રોસ નફો | ૧૫૯.૨૮ | ૧૪૮.૪૪ | (૬.૭૫) |
| નેટ નફો | ૯૨.૮૨* | ૯૨.૬૦ | (૦.૨૩) |
| ગ્રોસ NPA | ૧.૭૬% | ૨.૫૫% | |
| નેટ NPA | ૦% | ૦% | |

*Net Profit without considering Written back of investment Fluctuation Reserve of Rs. 7.75 cr

૧૦૫ વર્ષનો વિશ્વાસ - હવે ફીનેકલ નવા સોફ્ટવેર સાથે વધુ આધુનિક સુવિધાઓ વાળી ૩૬ શાખાઓ સાથે

₹૧૩૩૦૦+ કરોડથી વધુનો બિઝનેસ ધરાવતી તથા ₹૧૩૯૦+ કરોડથી વધુનાં પ્રભાવશાળી વાર્ષિક વૃદ્ધિ સાથે ગુજરાતની અગ્રણી મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ કો-ઓ. બેન્ક

અમારી આધુનિક બેન્કિંગ સુવિધાઓ
- કેશ / ચેક પીક-અપ
- મોબાઇલ બેન્કિંગ
- નેટ બેન્કિંગ
- પેમેન્ટ ગેટવે
- QR કોડ - સાઉન્ડ બોક્ષ, POS મશીન
- ઓનલાઇન બીલ પેમેન્ટ
- A.T.M, BNA, પાસબુક પ્રિન્ટર
- 24x7 કસ્ટમરકેર સુવિધા

બેન્કના માનવંતા સભાસદો, થાપણદારો, ગ્રાહક મિત્રો તથા શુભેચ્છકો ના અટલ વિશ્વાસ અને અવિરત સહકાર બદલ હાર્દિક આભાર

અમિત ગજ્જર પ્રમુખ | જસ્મીન મહેતા ઉપપ્રમુખ | બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટ
કલ્પેશ શાહ મેનેજીંગ ડિરેક્ટર

રજીસ્ટર્ડ/ સેન્ટ્રલ ઓફિસ: 'વસુધારા ભવન', ટીમલીયાવાડ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧, ફોન.: (+૯૧-૦૨૬૧) ૨૩૮૧૬૦૦, ટોલ ફ્રી નં.: ૧૮૦૦૨૩૩૭૭૨૨, ઈ-મેઇલ: info@spcbl.in, વેબસાઇટ: www.spcbl.in



સુરત નેશનલ કો-ઓ. બેન્ક લિ.

તા. 31 માર્ચ, 2026 ના રોજ પૂરા થતાં વર્ષનાં પરિણામો

બેન્કના માનવંતા સભાસદો, થાપણદારો, ગ્રાહકમિત્રો તથા શુભેચ્છકોના અટલ વિશ્વાસ અને અવિરત સહકાર બદલ હાર્દિક આભાર

ગત વર્ષની સરખામણીમાં બેંકના કુલ બિઝનેસમાં 11.65 % નો વધારો

(₹ કરોડમાં)

| | 31/3/2025 | 31/3/2026 (ઓડીટ આધિન) |
|---|---|---|
| ડિપોઝિટ | 1418.33 | 1564.28 |
| ધિરાણો | 897.71 | 1022.00 |
| કુલ બિઝનેશ | 2316.03 | 2586.28 |
| ગ્રોસ પ્રોફિટ | 30.46 | 27.97 |
| નેટ પ્રોફિટ | 20.54 | 11.17 |
| ગ્રોસ NPA | 1.30% | 0.95% |
| નેટ NPA | 0.00% | 0.00% |

શ્રી હર્ષવદન આર. ચોખાવાળા પ્રમુખ | શ્રી કૃષ્ણકાંત એન. મશરૂવાલા ઉપપ્રમુખ | શ્રી હિતેષ એચ. શાહ CEO


## પ્રેમીએ લગ્ન કરી લેતાં ડુમસમાં યુવતીએ ઝાડ પર ફાંસો ખાધો

સુરતઃ ડુમસમાં વોશરૂમ માટે જવાનું કહીને નીકળેલી યુવતી પરત નહીં આવતા પરિવારે શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન ત્રણ કલાકની શોધખોળ બાદ ઝાડ સાથે ફાંસો ખાધેલી હાલતમાં તેણીનો મૃતદેહ મળી આવ્યો હતો. વતનમાં રહેતા પ્રેમીએ અન્ય યુવતીએ સાથે લગ્ન કરી દેતાં પ્રેમિકાએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના જાંબુવા જિલ્લાના વતની સોનિકા ભરતભાઈ પરમાર (ઉં.વ.19) હાલ ડુમસ વિસ્તારમાં આવેલા સાઈલેન્ટ ઝોનમાં

...અનુસંધાન પાના 5 પર

# ભરૂચના અયોધ્યાનગરમાં મંદિરની મૂર્તિ ખંડિત કરાતાં ભક્તોમાં રોષ

**અજાણ્યા** અસામાજિક તત્ત્વો સામે કડક કાર્યવાહીની માંગ

**બળિયા** દેવની મૂર્તિનું ધડ અને અન્ય ભાગો તોડી નાંખ્યા



ભરૂચઃ ભરૂચ શહેરના અયોધ્યાનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વર્ષો જૂના બળિયાદેવ મંદિરની મૂર્તિને અજાણ્યા અસામાજિક તત્ત્વો દ્વારા ખંડિત કરવામાં આવતાં સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. બુધવારે રોજ જ્યારે સ્થાનિક મહિલાઓ પરંપરા મુજબ પૂજા-અર્ચના કરવા અને નૈવેદ્ય ધરાવવા તેમજ પાણી ચઢાવવા માટે મંદિરે પહોંચી હતી, ત્યારે તેમણે ભગવાન બળિયાદેવની મૂર્તિને ક્ષતિગ્રસ્ત હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગઈ હતી.

કોઈ અસામાજિક તત્ત્વોએ મૂર્તિનું ધડ અને અન્ય ભાગો તોડી નાંખ્યાં હોવાથી શ્રદ્ધાળુઓની ધાર્મિક લાગણી દુભાઈ છે. આ ઘટનાની જાણ થતા જ મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યાં હતાં અને આ કૃત્ય કરનાર સામે કડક પગલાં લેવાની માંગ ઉઠાવી હતી. સ્થાનિક રહીશોના જણાવ્યાનુસાર તેઓ બાળપણથી જ આ મંદિર સાથે જોડાયેલા છે અને તેની સાથે તેમની અતૂટ શ્રદ્ધા જોડાયેલી છે. આસ્થાના કેન્દ્ર સમાન મૂર્તિ અને અન્ય

...અનુસંધાન પાના 5 પર


૧૨મી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી



મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે, એટલે જ તો મરણ કરતાં સંસ્મરણ વધુ યાદગાર બને છે, જેમા આપની સ્મૃતિ એક વરદાન છે, તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. નગીનભાઈ લલ્લુભાઈ પટેલ
સ્વ. તા: ૦૨-૦૪-૨૦૧૪

લિ. ગં.સ્વ.નિલાબેન(પાની)નગીનભાઈ પટેલ(પત્ની)
બ્રિજલબેન જીજ્ઞેશભાઈ પટેલ (પુત્રી) | ધ્વીશા દિપ પટેલ(પૌત્રી)
પ્રિયાંશીબેન મેહુલભાઈ પટેલ (પુત્રી) | ભાણાભાઈ લલ્લુભાઈ પટેલ (ભાઈ)
દિપકુમાર નગીનભાઈ પટેલ (પુત્ર) | અરવિંદભાઈ લલ્લુભાઈ પટેલ (ભાઈ)
દેવાંશી દિપ પટેલ(પુત્રવધુ) | ગુલાબભાઈ લલ્લુભાઈ પટેલ (ભાઈ)
તથા સમસ્ત પરિવાર
'શિવમ' ખેડવાયા સ્ટ્રીટ, નવા મગદલ્લા, સુરત. (સીટી)

ભાવભીની શ્રદ્ધાંજલી



પરમાર્થ અને પુરૂષાર્થ જેની કર્મ નિષ્ઠા હતી, તેની દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
વિભુ વંદના..

સ્વ. રામુભાઈ હાંસજીભાઈ પટેલ
સ્વ. તા.૨૯/૦૩/૨૦૨૬

લિ. કાંતિભાઈ નાથુભાઈ પટેલ
મંજુલાબેન કાંતિભાઈ પટેલ
દિવ્યેશ ઊર્વશી
દક્ષેશ શીતલ
પ્રજ્ઞા નિર્મલ
આરવ
સાન્વી, પાર્થવી, નિષ્ઠા, આસ્થા

અશ્રુભીની શ્રદ્ધાંજલિ



હે નાથ જોડી હાથ પાયે, પ્રેમથી સહુ લાગીયે, શરણું મળે સાચુ તમારૂં, એ હૃદયથી માંગીયે, જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો. પરમાત્માએ આત્માને શાંતિ સાચી આપજો. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી સૌની પ્રાર્થના.

સ્વ.રામુભાઈ હાંસજીભાઈ પટેલ
જન્મ તા.: ૧૮-૧૧-૧૯૪૯
સ્વ. તા.: ૨૯-૦૩-૨૦૨૬

લિ.
મગનભાઈ ધનજીભાઈ પટેલ | સવિતાબેન મગનભાઈ પટેલ
દિનેશભાઈ મગનભાઈ પટેલ | માલતીબેન દિનેશભાઈ પટેલ
નેલ્સન ભરતભાઈ પટેલ | રૂપાલી(રાની) નેલ્સન પટેલ
વત્સલ દિનેશભાઈ પટેલ | સેલિના ધર્મેશભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

બાવીસમી પુણ્યતિથિએ | શ્રદ્ધાંજલિ | પાંચમી પુણ્યતિથિએ



સ્વ.નાનુભાઈ દુલ્લભભાઈ પટેલ
સ્વ.તા. ૦૨/૦૪/૨૦૦૪



સ્વ.છીમીબેન નાનુભાઈ પટેલ
સ્વ.તા. ૦૭/૦૪/૨૦૨૧

આપે શીખવ્યું દુનિયામાં મહાનુભવો વચ્ચે ઉત્તમ મસ્તકે જીવતાં, જીવનમાં મુશ્કેલીઓનો સામી છાતીએ મુકાબલો કરતાં અને સ્વપ્નોને સાકાર કરતાં... આજ આપના પગલાં પૂજી જીવનમાં તો જીવન છે, પણ તમારી ખોટ સાલે છે. આપે દર્શાવેલ રાહ અનુસરવા અમે કૃતનિશ્ચયી છીએ....

સ્વ.કિશોરભાઈ નાનુભાઈ પટેલ (પુત્ર) - સ્વ.નટવરભાઈ નાનુભાઈ પટેલ (પુત્ર)
ગોવિંદભાઈ નાનુભાઈ પટેલ (પુત્ર) - ભરતભાઈ નાનુભાઈ પટેલ (પુત્ર)
દિપકભાઈ લખુભાઈ પટેલ (ભત્રીજા)
તથા સમસ્ત પટેલ પરિવાર
નિવાસસ્થાન : 'નિકી હાઉસ',સરસ્વતી વિદ્યાલયની પાછળ,નવા મગદલ્લા,ડુમસ રોડ,સુરત.

ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



ઈશ્વર દરેક ઘરે પહોંચી શકે તેમ ન હોવાથી તેમણે ' માં ' નું સર્જન કર્યુ, જેની કુંખે સ્વંય ઈશ્વરને પણ અવતાર લેવાનું મન થાય એ ' માં ', જે સંતાનો માટે પણ વાત્સલ્ય વહાવે તે ' માં ' તમારા એ હસતા ચહેરાની સદાય ખોટ વરતાય છે. ' માં '.... પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

સ્વ. લલીતાબેન ગોપાળભાઈ ધનગર
સ્વ. તા. ૨/૪/૨૦૨૩

લિ.
રાજુભાઈ ગોપાળભાઈ ધનગર
કમલેશભાઈ ગોપાળભાઈ ધનગર
તથા પરિવાર સુરત.

ભાવભીની શ્રદ્ધાંજલિ



હે પ્રભુ...એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઇ જાય.
હજુ જરૂર હતી એમની ત્યાં કુદરત લઇ ગયો તાણી.
હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમની સંભાળ,
તારા માટે આત્મા હશે પણ જીંદગી અમારી હતી.
ધરા પર અર્પિત પુષ્પો અને અભિષેકના પવિત્ર જળ સાથે અમે પિતાજીને હૃદયપૂર્વક વંદન કરીએ છીએ

સ્વ. રામુભાઈ હાંસજીભાઈ પટેલ
સ્વ. તા. ૨૯/૦૩/૨૦૨૬

લિ.
બંકીમભાઈ ચીમનભાઈ પટેલ
રૂપલબેન બંકીમભાઈ પટેલ
રિંકલ - પ્રીત - મિરેન
તથા સમસ્ત બી.જે. પટેલ પરિવાર
ગામ - ભીમરાડ

પાચંમી માસિક પુણ્યતિથિ એ શ્રદ્ધાંજલિ



રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા અમને, માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે તે જ પ્રાર્થના...

સ્વ. શાંતિલાલ ઉર્ફે શાન્તુભાઈ નારણભાઈ પટેલ
(માજી સરપંચ)
જન્મ તા. ૦૪.૦૧.૧૯૬૯
સ્વ.તા. ૦૨.૧૧.૨૦૨૫

લિ.
શ્રી વામનભાઈ સુખાભાઈ ઉર્ફે નારણભાઈ પટેલ
શ્રી જયકુમાર વામનભાઈ પટેલ
શ્રી હર્ષકુમાર વામનભાઈ પટેલ
શ્રી ધ્રુવિલકુમાર શાંન્તુભાઈ પટેલ
શ્રી શીવકુમાર ઈશ્વરભાઈ પટેલ
(ઓમ, શિવ, ટિયા, ઉર્જા)
નિવાસસ્થાન : ૩, પટેલ ફળીયુ, વડોદ ગામ, ભેસ્તાન, સુરત.